અપીલ અરજી નં.૨૭૬ તા.૨૯–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,(ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૬–૧૨–૦૮ ની અરજીથી ઉધનાઝોનના ઉધના મેઈન રોડ ટી.પી.સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬ ,૩૭૭વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે ઝોન ધ્વારા નોટીસ નં.આ.નં.૯૦૪૫,તા.૨૩–૧૧–૦૭ સંદર્ભે ઝોન તેમજ ટ્રસ્ટ ધ્વારા થયેલ કાર્યવાહી સહિતની સમગ્ર વિસ્તૃત મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૬/૨૦૦૮–૦૯

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૬–૧૨–૦૮ ની અરજીથી ઉધનાઝોનના ઉધના મેઈન રોડ ટી.પી.સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬,૩૭૭વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે ઝોન ધ્વારા નોટીસ નં.આ.નં.૯૦૪૫,તા.૨૩–૧૧–૦૭ સંદર્ભે ઝોન તેમજ ટ્રસ્ટ ધ્વારા થયેલ કાર્યવાહી સહિતની સમગ્ર વિસ્તૃત મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૬૮૨૧ તા.૧૫–૧૨–૦૮ થી આપેલ જવાબો સંતોષકારક ન હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૬ તા.૨–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,(ઉધના ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.ઝોન/આ.નં.૭૫૨૩ તા.૧૫–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજીમા ઉધનાઝોનના ઉધના મેઈન રોડ ટી.પી.સ્કીમ નં.૬, ફા.પ્લોટ નં.૩૬૯,૩૭૬ ,૩૭૭વાળી મિલ્કત "ખરવર નગર" વસાહતના ગેરકાયદેસર બાંધકામો સંદર્ભે ઝોન ધ્વારા નોટીસ નં.આ.નં.૯૦૪૫,તા.૨૩–૧૧–૦૭ સંદર્ભે ઝોન તેમજ ટ્રસ્ટ ધ્વારા થયેલ કાર્યવાહી સહિતની સમગ્ર વિસ્તૃત મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૬૮૨૧તા.૧૫–૧૨–૦૮ થી ૧૨ મુદ્દાની માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારની અપીલ અરજીમાં મુદ્દા નં.૧ માં ગેરકાયદસર બાંધકામની નોટીસો શ્રી સુરત ક્ષત્રિય સમાજને પહોંચાડેલ છે નહીં કે ફલેટધારકોને. મુદ્દા નં.૩ માં ગેરકાયદેસર બાંધકામો સબબ સમય મર્યાદા વીતી જવા છતાં પણ આગળની કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને નિયમોનુસાર કાર્યવાહી થશે? એમ જણાવાય છે. મુદ્દા નં.૫ માં રીવાઈઝ પ્લાનની અરજી તા.૧૭–૪–૦૮ ના રોજ રજુ કરવામાં આવેલ તેમ છતાં તે અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી વિગેરે બાબતો ઉપસ્થિત કરવામાં આવેલ. આમ અરજદારે અપીલના તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ મુદ્દા નં.૩ થી ૮ ની માહિતી અંગે નારાજગી દર્શાવેલ છે જે પૈકી મુદ્દા નં.૪ અને ૫ અંગે કયા પ્રકારનો જવાબ મળેલ છે તથા તેની નકલ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને નિયત ફી રૂ.૨/– ભરી નકલ મેળવી લેવા જણાવેલ છે જ. મુદ્દા નં.૩ અંગે ફલેટ ધારકોને નોટીસ શા માટે અપાયેલ નથી તેની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નથી. મુદ્દા નં.૬ અંગે સમય મર્યાદામાં જવાબ ન આપવા બદલ ઝોન ધ્વારા કયા પ્રકારની કાર્યવાહી થઈ શકે તે અંગે નિયમોનુસાર જણાવેલ છે તે પર્યાપ્ત નથી. મુદ્દા નં.૭ અને ૮ થી કયા પંકારની કાર્યવાહી કરી તથા નોટીસોની નકલો તેમજ કાર્યવાહી ન હોય તો કારણોની વિગત અંગ જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવેલ છે કે આર્કીટેક ધ્વારા રીવાઈઝ પ્લાન રજુ થયેલ હોય યોગ્ય નિર્ણય થયે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેથી પ્રસ્તુત તબકકે આ માહિતીના અસંતોષ બાબતે અરજદારે રજુ કરેલ નારાજગી સમર્થનના આધારની અનુપસ્થિતિમાં ગ્રાહય રાખવા પાત્ર જણાતું નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૬–૧૨–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૩ અને ૬ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,